2 એપ્રિલ, 2009 રોકાણકારોની ફરિયાદો અને નોટિશ બોર્ડ

| | |
|---|---|
| આવશ્યક્તાઓનો સાર | **રોકાણકારોની ફરિયાદો**<br>સભ્યોએ ઘટકોની તમામ લેખિત ફરિયાદોનો રેકર્ડ રાખવો જરૂરી છે. તેમાં ગ્રાહકનું નામ અને યુસીસી, તારીખ, ફરિયાદની વિગતો, સભ્ય દ્વારા લેવામાં આવેલાં પગલાં અને જો તે બાબતને એક્સચેન્જના લવાદ તંત્ર સમક્ષ રજૂ કરાઇ હોય તો તેની વિગતો, વગેરે સામેલ હોવા જોઇએ. સભ્યોએ કોઈપણ ગ્રાહકની ફરિયાદનો નિકાલ 30 દિવસની અંદર આવી જાય તેની તકેદારી રાખવી જરૂરી છે.<br>સભ્યોએ ફરિયાદનું રજિસ્ટર પણ રાખવું જરૂરી છે.<br>**નોટિશ બોર્ડ**<br>સભ્યોએ એક્સચેન્જ દ્વારા નિર્ધારિત વિગતો ધરાવતા ઓછામાં ઓછા 4' x 3'ના કદના બોર્ડ/પ્લેટને પોતાની મુખ્ય કચેરી/શાખાઓમાં અને (જ્યાં ટ્રેડિંગ ટર્મિનલ મૂકવામાં આવ્યું હોય તે) સબ-બ્રોકર્સ/ફ્રેન્ચાઈઝીસની કચેરીઓમાં મોકાના સ્થાને નજર પડે તે રીતે મૂકવું જોઈએ.<br>સભ્યોએ એક્સચેન્જ દ્વારા અપાયેલા નોંધણી પ્રમાણપત્રની નકલને પણ પોતાની મુખ્ય કચેરીમાં તથા શાખાઓ/સબ બ્રોકર્સની કચેરીઓમાં પ્રદર્શિત કરવામાં આવે તેની તકેદારી રાખવી જોઈએ. |
| સંદર્ભ | 1. પરિપત્ર ક્ર. એમસીએક્સ/કોમ્પ/304/2007 તા. 1 સપ્ટેમ્બર, 2007<br>2. પરિપત્ર ક્ર. એમસીએક્સ/295/2006 તા. 26 જુલાઈ, 2006<br>3. પરિપત્ર ક્ર. એમસીએક્સ/012/2006 તા. 10 જાન્યુઆરી, 2006 |

પરિપત્રો, પેટા નિયમો અને વેપારના નિયમો અમારી વેબસાઈટ http://gujarati.mcxindia.com પર ‘સભ્યપદ>કાનૂની માળખું’ની લિંક હેઠળ ઉપલબ્ધ છે. સભ્યો પાલનસંબંધી જાણકારીની શ્રેણીના તમામ અંક અમારી વેબસાઈટ http://gujarati.mcxindia.com પર ‘સભ્યપદ>પાલનસંબંધી જાણકારીની શ્રેણી’ની લિંક હેઠળ જોઇ શકે છે.

સભ્યોને અમે સભ્યપદ લિંક હેઠળના વારંવાર પુછાતા પ્રશ્નો (એફએક્યુ)ને પણ વાંચી જવાની વિનંતી કરીએ છીએ.